# આજથી વિધાનસભામાં ત્રણ દિવસનું સત્ર

**ત્રણ** દિવસના સત્રમાં સરકાર 8 જેટલા વિધેયકો રજૂ કરશે

**કોંગ્રેસ-**આપ વરસાદની ખેંચ, ખેડૂતોની મુશ્કેલી, બેરોજગારી અને કથળતી કાયદો-વ્યવસ્થા મુદ્દે સરકારને ઘેરવાની તૈયારીમાં

ગાંધીનગર: ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસીય ચોમાસુ સત્ર આવતીકાલે તા. 9 સપ્ટેમ્બરથી શરૂ થવા જઈ રહ્યું છે ત્યારે ગાંધીનગરમાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. વિધાનસભા સંકુલની અંદર સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપનો જંગ જામશે, તો બીજી તરફ વિધાનસભાની બહાર પણ વિપક્ષ દ્વારા સરકાર સામે વિરોધ પ્રદર્શન યોજીને વિવિધ લોકપ્રશ્નોને ઉગ્ર રીતે ઉઠાવવાની તૈયારીઓ કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા સત્ર દરમિયાન આશરે 8 જેટલા વિધેયકો ચર્ચા અને મંજૂરી માટે રજૂ કરવામાં આવનાર છે, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વરસાદની ખેંચ, ખેડૂતોની સ્થિતિ, બેરોજગારી, મોંઘવારી, ભરતીના પેપર લીક અને કાયદો-વ્યવસ્થા સહિતના મુદ્દે સરકારને ઘેરવાની રણનીતિ સાથે મેદાનમાં ઉતરશે. ત્રણ દિવસીય સત્રને ધ્યાનમાં રાખીને ગાંધીનગરમાં સુરક્ષા વ્યવસ્થા પણ સઘન બનાવવામાં આવી છે. વિધાનસભા સંકુલની અંદર તેમજ બહાર પોલીસ દ્વારા સુરક્ષાના વધારાના પગલાં લેવામાં આવ્યા છે. સત્ર દરમિયાન વિપક્ષના વિરોધ કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને ગાંધીનગરમાં પણ પોલીસ બંદોબસ્ત વધારવામાં આવ્યો છે.

### દારૂ અને નશાના મુદ્દે પણ સરકાર સામે સવાલો

રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અને નશાના દૂષણને લઈને પણ કોંગ્રેસ સરકારને ઘેરવાની તૈયારીમાં છે. રાજ્યમાં દારૂના બેરોકટોક વેચાણ તથા નશીલા પદાર્થોના વધતા પ્રસારનો મુદ્દો ઉઠાવીને યુવાધનના ભવિષ્ય અંગે સરકારને જવાબદાર ઠેરવવાનો પ્રયાસ કરવામાં આવશે.

### મોંઘવારી-પેપર લીકથી ખેડૂતોના પ્રશ્નો સુધી ગાજશે ગૃહ

ત્રણ દિવસના સત્રમાં પ્રશ્નોત્તરી, સરકારી કામકાજ અને વિવિધ વિધેયકો પર ચર્ચા દરમિયાન અનેક મુદ્દે સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે ગરમાગરમી થવાની શક્યતા છે. ખાસ કરીને વરસાદની અસમાન સ્થિતિ અને કેટલાક વિસ્તારોમાં વરસાદની ખેંચના કારણે ખેડૂતોને પડી રહેલી મુશ્કેલીઓ વિપક્ષ માટે મુખ્ય રાજકીય હથિયાર બની શકે છે. કોંગ્રેસનો આક્ષેપ છે કે રાજ્યના કેટલાક તાલુકાઓમાં પૂરતો વરસાદ ન પડતાં અને સિંચાઈના પાણીની અછત સર્જાતા ખરીફ પાકને નુકસાન થઈ રહ્યું છે, જ્યારે કેટલાક વિસ્તારોમાં અતિવૃષ્ટિના કારણે ખેતરોમાં પાણી ભરાઈ જતાં તૈયાર પાકને નુકસાન થયું છે. કોંગ્રેસના નેતાઓનું કહેવું છે કે કુદરતી આફતની સાથે વહીવટી તંત્રની નિષ્ક્રિયતાના કારણે ખેડૂતોને મોટું આર્થિક નુકસાન વેઠવું પડ્યું છે. સત્રના પ્રથમ દિવસથી જ કોંગ્રેસ સરકાર સામે મોંઘવારી, બેરોજગારી, ભરતી પરીક્ષાના પેપર લીક અને કાયદો-વ્યવસ્થાના મુદ્દે આક્રમક બનવાની તૈયારીમાં છે.

### આજે સત્યાગ્રહ છાવણીમાં કોંગ્રેસનું શક્તિપ્રદર્શન

વિધાનસભા સત્રના પ્રથમ દિવસે જ કોંગ્રેસ દ્વારા ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે સવારે 11 વાગ્યે ધરણાં-પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને ડૉ. તુષાર ચૌધરીની આગેવાની હેઠળ યોજાનારા આ કાર્યક્રમમાં રાજ્યના વિવિધ લોકપ્રશ્નોને લઈને સરકાર સામે વિરોધ નોંધાવવામાં આવશે. પ્રદર્શનને સફળ બનાવવા માટે ગાંધીનગરના સેક્ટર-22 સ્થિત કોંગ્રેસ કાર્યાલય ખાતે મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્ય, પૂર્વ સાંસદ અને ધારાસભ્ય જગદીશ ઠાકોરના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં ગાંધીનગર શહેર અને જિલ્લા કોંગ્રેસના હોદ્દેદારો, તાલુકા અને શહેર પ્રમુખો, જિલ્લા તથા તાલુકા પંચાયતના જનપ્રતિનિધિઓ ઉપરાંત યુવક કોંગ્રેસ, એનએસયુઆઈ અને મહિલા કોંગ્રેસ સહિતના સંગઠનોના આગેવાનો હાજર રહ્યા હતા.

### ચૈતર વસાવાની હાજરી પણ રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ બનશે

સત્રમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાની હાજરી પણ રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ બની રહેશે. ફોરેસ્ટ કર્મચારીઓ પર હુમલાના કેસમાં નર્મદા કોર્ટે તેમને સાત વર્ષની કેદની સજા ફટકારી છે અને તેઓ વડોદરાની જેલમાં સજા ભોગવી રહ્યા છે. વિધાનસભાના ચોમાસુ સત્રમાં હાજરી આપવા માટે તેમણે હંગામી જામીનની માંગ કરી હતી. ગુજરાત હાઈકોર્ટે તેમને એક અઠવાડિયાના જામીન મંજૂર કર્યા છે. જેલમાંથી મુક્ત થયા બાદ સાત દિવસ સુધીની આ રાહત દરમિયાન તેઓ ગાંધીનગરની બહાર જઈ શકશે નહીં. જેના કારણે સત્ર દરમિયાન તેમની હાજરી અને ગૃહમાં તેમના દ્વારા ઉઠાવવામાં આવનારા મુદ્દાઓ પર પણ રાજકીય વર્તુળોની નજર રહેશે.

---

એ.કે. રોડની અંજના ઈન્ડસ્ટ્રિઝમાં યુવક પર અમાનુષી અત્યાચાર

# મોબાઈલ ચોરીની શંકામાં વાપીના યુવકને ગરમ ચપ્પુના ડામ દીધા

**મિત્ર** સાથે જૂના કારખાને મિત્રોને મળવા આવેલા યુવક પર આઠથી નવ શખ્સો તૂટી પડ્યા

**હાથ-પગ** બાંધી લોખંડની પાઇપ-બેલ્ટથી ઢોર માર મારી બંને જાંઘ, હાથ પર ડામ આપ્યા

સુરતઃ અશ્વિનીકુમાર ફૂલ માર્કેટ પાસે આવેલા અંજના ઈન્ડસ્ટ્રીઝના એક એમ્બ્રોડરી ખાતામાં દિલધડક અને અમાનુષી અત્યાચારની ઘટના સામે આવી છે.

વલસાડના વાપી ખાતે રહી પ્લાસ્ટિકના દાણા બનાવતી ફેક્ટરીમાં મજૂરીકામ કરતો ૨૨ વર્ષીય વિકાસ રામદયાલ બલોચી પ્રજાપતિ મૂળ મધ્યપ્રદેશનો વતની છે. તા. ૦૬/૦૯/૨૦૨૬ના રોજ તેના મિત્ર દીપક દાહીયા સાથે વાપીથી રાત્રે સુરત આવ્યો હતો. દીપકે અગાઉ પોતે જે એમ્બ્રોડરી ખાતામાં કામ કરતો હતો ત્યાં જૂના મિત્રોને મળવા અંજના ઈન્ડસ્ટ્રીઝ ગયા હતા. જ્યાં દીપકના જૂના મિત્રો હાજર ન હોવાથી બંને નીચે ઉતરી રહ્યા હતા. તે જ સમયે ખાતામાંથી બે શખ્સ બૂમો પાડતા નીચે આવ્યા હતા. આ જોઈ દીપક ત્યાંથી ભાગી ગયો હતો, જ્યારે આરોપીઓએ વિકાસને પકડી પાડ્યો હતો અને પોતાના મોબાઈલ ફોન બાબતે પૂછપરછ કરવા લાગ્યા હતા. વિકાસે મોબાઈલ પોતાની પાસે ન હોવાનું જણાવતા જ આરોપીઓ તેને પાંચમા માળે લઈ ગયા હતા. ત્યાં હાજર અન્ય સાગરીતો ભેગા થઈ ગયા હતા અને વિકાસના બંને હાથ-પગ બાંધી નીચે બેસાડી દીધો હતો. ત્યારબાદ આઠથી નવ અજાણ્યા શખ્સોની ટોળકીએ ભેગા મળી લોખંડની પાઇપ, એમ્બ્રોડરી મશીનના બેલ્ટ અને પ્લાસ્ટિકની પાઈપ વડે આડેધડ ઢોરમાર માર્યો હતો. એટલું જ નહીં, એક શખ્સે ચપ્પુ ગરમ કરીને વિકાસની બંને જાંઘ પર તથા ડાબા હાથની કોણી ભાગે ડામ દીધા હતા.

### આખી રાત બેભાન હાલતમાં કારખાનામાં પડી રહ્યો

સતત માર મારવાને કારણે વિકાસ બેભાન થઈ ગયો હતો. સવારે ભાન આવતા ખાતાના માલિક અલ્પેશભાઈએ તેને પ્રાથમિક સારવાર અપાવી વધુ સારવાર અર્થે હીરાબાગ સ્થિત હોસ્પિટલમાં ખસેડ્યો હતો. વિકાસે આઠથી નવ અજાણ્યા હુમલાખોરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા અશ્વિનીકુમાર પોલીસે રાયોટીંગનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

---

# સુરતના મુસાફરનો સામાન લેવામાં અમદાવાદ એરપોર્ટના ચાર કસ્ટમ અધિકારી સસ્પેન્ડ

**ઘટનાના** સમયે બોડીવોર્ન કેમેરા બંધ હોવાથી બે સુપરિ. અને બે ઇન્સ્પેક્ટર સામે કાર્યવાહી

**મુસાફર** સામે પણ કોસંબા પોલીસમાં ફરિયાદ

અમદાવાદ: દુબઈથી અમદાવાદ આવેલી ફ્લાઇટના મુસાફરનો સામાન કસ્ટમ્સ અધિકારીઓએ લઈ લીધો હોવાની ફરિયાદ અને ઘટનાસમયે ફરજ પરના અધિકારીઓના બોડીવોર્ન કેમેરા બંધ હોવાથી કસ્ટમ્સ વિભાગે બે સુપરિન્ટેન્ડેન્ટ વિનય અરોરા અને કુલદીપ પાલીવાલ તથા બે ઇન્સ્પેક્ટર ભરતભાઈ મીણા અને કૌશલકુમાર સહિત ચાર અધિકારીને સસ્પેન્ડ કરી દીધા છે. સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓએ મુસાફર દ્વારા કરાયેલા આક્ષેપોને નકારી કાઢ્યા હોવાનું જાણવા મળ્યું છે. તપાસ દરમિયાન કોઈ વ્યક્તિએ ખોટી માહિતી આપી હોવાનું જણાશે તો કસ્ટમ્સ કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર પડ્યે પોલીસ ફરિયાદ પણ નોંધાશે. બીજી તરફ, સુરતના રહેવાસી અને સંબંધિત મુસાફર આસીફ રૂસ્તમ પટેલ સામે મારામારી, ગાળો બોલવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના આક્ષેપસર કોસંબા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હોવાનું જાણવા મળ્યું છે. આ ફરિયાદની હકીકતોને પણ કસ્ટમ્સ વિભાગે પોતાની તપાસમાં ધ્યાનમાં લીધી છે.

### દુબઈથી આવેલા મુસાફરે ઉચ્ચ અધિકારીને કરી ફરિયાદ

શુક્રવારે સવારે દુબઈથી અમદાવાદ આવેલી ફ્લાઇટના મુસાફરો પૈકી બે મુસાફરોને કસ્ટમ્સ અધિકારીઓએ રોકીને પૂછપરછ કરી હતી. તેમાંથી સુરતના મુસાફરે કસ્ટમ્સ વિભાગના ઉચ્ચ અધિકારીને ફોન કરીને ફરજ પરના અધિકારીઓએ તેનો સામાન લઈ લીધો હોવાની ફરિયાદ કરી હતી. ફરિયાદ મળતાં જ ઉચ્ચ અધિકારી એરપોર્ટ પર પહોંચ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં મુસાફર એરપોર્ટ પરથી નીકળી ગયો હતો અને તેનો ફોન પણ બંધ થઈ ગયો હતો. મુસાફરનો સંપર્ક ન થતાં કસ્ટમ્સ વિભાગે તપાસ આગળ ધપાવી હતી અને સુરતના કોસંબા ખાતે પહોંચી તેનું પ્રાથમિક નિવેદન નોંધ્યું હતું. આ નિવેદન બાદ ચાર અધિકારીઓ સામે સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી છે.

---

# સાગબારા-ઉમરપાડા સહિતના પડતર દાવાઓના ઝડપી નિકાલ માટે તજવીજ

**માંડવીમાં** બેઠક યોજાઈ, 31 ઓગસ્ટની ખાતરી બાદ પ્રક્રિયા શરૂ, 90 દિવસમાં નિકાલનું લક્ષ્ય

સુરતઃ સાગબારા-ઉમરપાડા વિસ્તારના પ્રશ્નો તેમજ FRA હેઠળના પડતર દાવાઓના નિકાલને લઈને માંડવી ખાતે મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં આદિજાતિ વિસ્તારના ગ્રામજનો દ્વારા કરવામાં આવેલા દાવાઓની કાયદેસર પ્રક્રિયા, ચકાસણી અને ઝડપી નિકાલ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. માંડવીની બેઠકમાં ગ્રામજનોને સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે FRA હેઠળ દાવાઓનો નિકાલ નિર્ધારિત કાયદાકીય પ્રક્રિયા મુજબ જ થઈ શકે છે. યોગ્ય ચકાસણી અને ઉપલબ્ધ પુરાવાઓના આધારે જ પાત્ર દાવાઓને માન્યતા આપવામાં આવશે. બેઠકમાં સાગબારા-ઉમરપાડા વિસ્તારના FRA સંબંધિત પ્રશ્નોને પ્રાથમિકતા સાથે ઉકેલવા અંગે ચર્ચા થઈ હતી. અધિકારીઓએ દાવાઓની સ્થિતિ અને આગળ હાથ ધરાનારી પ્રક્રિયા અંગે માહિતી આપી હતી. બેઠકમાં સાંસદ મનસુખભાઈ, સુરત તથા નર્મદાના નાયબ વન સંરક્ષક, સુરત તથા નર્મદા આદિજાતિ વિકાસ પ્રાયોજના વહીવટદારો, લીલાબેન વસાવા તેમજ નર્મદા જિલ્લાના ખોપી અને નાળ ગામના સરપંચો હાજર રહ્યા હતા.



### દસ્તાવેજો ન હોય તો વૈકલ્પિક પુરાવા રજૂ કરી શકાશે

બેઠક દરમિયાન કેટલાક દાવેદારો પાસે જરૂરી દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તેવી સ્થિતિ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આવા કિસ્સાઓમાં કાયદાની જોગવાઈ મુજબ ઉપલબ્ધ વૈકલ્પિક પુરાવા રજૂ કરી શકાય તે અંગે ગ્રામજનોને માહિતી આપવામાં આવી હતી. દાવેદારોને પોતાના અધિકારો રજૂ કરવા માટે યોગ્ય મંચ મળે અને તેમની અરજીઓની નિષ્પક્ષ ચકાસણી થાય તે માટે SDLCની બેઠક વહેલી તકે યોજવાની કાર્યવાહી પણ કરવામાં આવશે તેમ જણાવાયું હતું.

---

# એમપીથી સુરતમાં MD ડ્રગ્સ ઘુસાડનાર બે કીમથી ઝડપાયા

**MD** લેવા આવનાર ઈમરાન શેખ સામે બારડોલી અને કોસંબા પોલીસમાં ગંભીર ગુનાઓ

સુરતઃ મધ્યપ્રદેશથી મેફેડ્રોન (MD) ડ્રગ્સનો મોટો જથ્થો સુરત લાવીને સપ્લાય કરતા બે કુખ્યાત ડ્રગમાફિયાઓની ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી છે.

ગત તા. ૦૨/૦૪/૨૦૨૬ના રોજ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે ગોપીપુરાના મોમનાવાડ ખાતે રહેતા મોહમંદ ઝુબેર ગુલામ રસુલ શાહને ૨૧૪.૭૩૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ (કિંમત રૂ. ૬,૪૪,૧૯૦)ના સાથે પકડી પાડ્યો હતો. આ કેસમાં ડ્રગ્સની કડીઓ મેળવવા ક્રાઈમ બ્રાન્ચે તપાસ તેજ કરી હતી. તપાસ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે અગાઉ એઝાઝ ઉર્ફે બાટલા, સલમાન ઉર્ફે બેન્ડો અને ઉવેશ ઉર્ફે માફિયા ઉર્ફે કાળુની અટકાયત કરી હતી. આ નેટવર્કની કડીઓ જોડતાં માલૂમ પડ્યું હતું કે આ જથ્થો મધ્ય પ્રદેશથી લવાયો હતો. બાતમીના આધારે પોલીસે કીમ ખાતેથી ડ્રગ્સ ડિલિવરી કરનાર મુખ્ય આરોપી ઈમરાન જાવેદ શેખ અને તેની સાથે MD માલ લેવા જનાર જાવેદ અહમદ ગરાશીયાને ઝડપી પાડ્યા છે. જેથી ક્રાઈમ બ્રાન્ચે બાતમી આધારે કીમ વિસ્તાર માંથી ઈમરાન જાવેદ શેખ (રહે., આશિયાના નગર-૧, કીમ, તા. ઓલપાડ) અને જાવેદ અહમદ ગરાશીયા (રહે., ગરસવાડ ફળિયું, કુંડસદ, તા. ઓલપાડ) ને પકડી પાડ્યા છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે ઝડપાયેલા આરોપી ઈમરાન શેખ સામે અગાઉ પણ બારડોલી અને કોસંબા પોલીસ સ્ટેશનમાં ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. હાલ પોલીસે બંને આરોપીઓના રિમાન્ડ મેળવી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

---

# ૨૬ વર્ષથી સાંધા-સ્નાયુના દુખાવા દૂર કરતું ટેબ ટ્રીટમેન્ટ ક્લિનિક

સુરતઃ છેલ્લા ૨૬ વર્ષથી ટેબ ટ્રીટમેન્ટ ક્લિનિક્સ સુરતમાં નાનપુરા ખાતે સાંધા અને સ્નાયુઆમાં તીવ્ર દુઃખાવો, જકડાહટ, સોજા અને વિકૃતિઓથી પીડાતા દર્દીઓ માટે શ્રેષ્ઠ સારવાર છે. ટેબ ટ્રીટમેન્ટ કલીનીક્સની સ્થાપના પારસી આયુર્વેદીક ડોકટર રૂસ્તમજી બમનજી જીનવાલા અને સીનીયર વનસ્પતિ શાસ્ત્રી ડો. ગ્રેહામ ટેબની ૧૧ વર્ષની સખત મહેનત અને સંશોધનના પરિણામ સ્વરૂપે થએલી. જયાં સાંધા-સ્નાયુઓમાંથી માત્ર દુઃખાવો, સોજો કે જકડાહટ જતા રહે એટલુ જ નહી પરંતુ સાંધાઓની વચ્ચે રહેલ કોમલાસ્થિ regenerate થાય છે અને સાંધો પોતાના મૂળસ્વરૂપમાં પાછો આવી જાય છે. સારવાર પુરી થયા પછી X-ray કે MRI કરાવીને તેની ખાતરી પણ કરી શકાય છે. ટેબ કિલનીક્સમાં નાનાથી મોટા દરેક ઉંમરના, સ્ત્રી કે પુરૂષમાં જોવા મળતા વિવિધ પ્રકારના સાંધાના રોગોની સારવાર સફળતાપૂર્વક કરવામાં આવે રે અને પથારીવશ દર્દી પણ સારવાર પૂર્ણ થયા પછી સામાન્ય માણસની જેમ પોતાના દૈનિક કાર્ય કરતો થઈ જાય છે.

ટેબ કલીનીક્સમાં દર્દીનું સચોટ નિદાન થયા પછી સારવારનો અંદાજીત સમયગાળો અને કેટલા સમયમાં ફર્ક પડવાની શરૂઆત થશે એ લેખિત આપવામાં આવે છે. ટેબની દવાઓ શુધ્ધ આયુર્વેદિક દવાઓ છે જે આજના સમય પ્રમાણે દરેક વ્યકિત પોતાના રોજીંદા કામકાજ અને સામાજીક જવાબદારીઓ સાથે દૈનિક કામકાજ કરતાં-કરતાં કરી શકાય એ રીતે તૈયાર કરવામાં આવે છે. ઘણા લોકોને સવાલ હોય છે કે શું ખરેખર હાડકા-સાંધાના દુઃખાવાઓ સંપૂર્ણ પણે મટી શકે ખરા ? તો જવાબ છે હા. અમો પુનામાં છેલ્લા ૩૯ વર્ષથી, નાગપુરમાં ૩૦ વર્ષથી અને સુરતમાં છેલ્લા ૨૬ વર્ષથી સફળતાપૂર્વક દર્દીને સંપૂર્ણ સાજા કરી રહયા છીએ.

---

સહકારી સંસ્થાના સુકાન માટે ભાજપમાં ખેંચતાણ

# પ્રમુખ, ઉપપ્રમુખ માટેની સુમુલના બોર્ડની બીજી બેઠક પણ મોકૂફ

**વડાપ્રધાન** નરેન્દ્ર મોદી સુધી ખેંચતાણની ફરિયાદ થતાં આજે થનારી વરણીનો એજન્ડા મોડી રાતે રદ કરાયો

સુરતઃ સુમુલ ડેરીના નવા પ્રમુખ અને ઉપપ્રમુખની વરણીનો એજન્ડા સત્તત બીજીવાર રદ કરવામાં આવ્યો છે. સત્તત બીજીવાર બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટિંગ મોકૂફ રાખવામાં આવી છે. નાયબ કલેકટર સિટી પ્રાંત અડાજણ દ્વારા મોડી રાતે સુમુલ ડેરીના કસ્ટોડિયન અને એમડી.ને લેખિત જાણ કરવામાં આવી હતી. અગાઉ 17 ઓગસ્ટે અને હવે 9 સપ્ટેમ્બરની મીટિંગ રદ કરવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ વડોદરા અને નવસારીના પ્રવાસે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધી સુમુલની મલાઈદાર સત્તા મેળવવા સુરત અને તાપી જિલ્લાના આગેવાનો વિરુદ્ધ વડાપ્રધાન સુધી ફરિયાદ કરવામાં આવતા બુધવારે તા. 9 સપ્ટેમ્બર, 2026ના રોજ સવારે 11 વાગ્યે રાખવામાં આવેલી બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટિંગ ચૂંટણી અધિકારી દ્વારા રદ કરી દેવામાં આવી છે. સહકારી ક્ષેત્રના સૂત્રોનું કહેવું છે કે, વડાપ્રધાનને થયેલી ફરિયાદ પછી આવતીકાલે બુધવારની બેઠક રદ કરાવી મોટાગજાના નેતાએ પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. સુરત અને તાપી જિલ્લાના ભાજપના આદિવાસી આગેવાનો તેમજ ધારાસભ્યોએ ભાજપના નિરીક્ષકો સમક્ષ રજૂઆત કરીને વર્ષ 2027ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખી પ્રથમ અઢી વર્ષ માટે સુમુલના પ્રમુખ તરીકે આદિવાસી સમાજના પ્રતિનિધિને સ્થાન આપવા માંગ કરી હતી. બીજી તરફ, વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચૌધરીએ પણ રાજકીય દાવ ખેલતાં એવી રજૂઆત કરી હતી કે સુમુલ ડેરીમાં દૂધ ભરાવતા પશુપાલકોમાં અંદાજે 70થી 80 ટકા હિસ્સો આદિવાસી સમાજનો હોવાથી ડેરીના પ્રમુખ પણ આદિવાસી સમાજમાંથી જ બનવા જોઈએ. ભાજપમાં આ મુદ્દે અન્ય એક મત પણ સામે આવ્યો હતો. ભાજપના બીજા જૂથે સુરત જિલ્લામાંથી અનુભવી ઉજળિયાત સમાજના પ્રતિનિધિને પ્રમુખ અને તાપી જિલ્લામાંથી આદિવાસી સમાજના પ્રતિનિધિને ઉપપ્રમુખ બનાવવાની રજૂઆત કરી હતી. આથી ભાજપ માટે સામાજિક અને પ્રાદેશિક બંને સમીકરણો સંતુલિત કરવાનો પડકાર છે.

---

# ગ્રામીણ આવાસ માટે સહાય 1.82 લાખથી વધારી 4 લાખ કરવા ભલામણ

**સુરત** જિલ્લામાં ગુણવત્તાયુક્ત, ટકાઉ અને આપત્તિ પ્રતિરોધક આવાસ માટે નીતિગત દરખાસ્ત

સુરતઃ સુરત જિલ્લામાં ગ્રામિણ પરિવારોને વધુ ગુણવત્તાયુક્ત, મજબૂત અને કુદરતી આપત્તિઓ સામે સુરક્ષિત આવાસ મળી રહે તે માટે ગ્રામીણ આવાસ યોજનાની વર્તમાન જોગવાઈઓમાં ફેરફાર કરવાની નીતિગત ભલામણ કરવામાં આવી છે. હાલ ગ્રામીણ આવાસ માટે મળતી રૂપિયા 1.70 લાખની સહાય અને શૌચાલય માટેની રૂપિયા 12 હજારની સહાય મળી કુલ રૂપિયા 1.82 લાખની સરકારી સહાય આપવામાં આવે છે. આ સહાયને વધારીને પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ની જેમ ગ્રામીણ લાભાર્થીઓને પણ રૂપિયા 4 લાખ સુધીની સહાય આપવામાં આવે તેવી દરખાસ્ત કરવામાં આવી છે. આ માટે આવાસ યોજનાઓના અમલીકરણ અને સહાયની ફાળવણીની જવાબદારી જિલ્લા પંચાયત, સુરતને સોંપવાની ભલામણ કરવામાં આવી છે. શહેરી આવાસમાં લાભાર્થીને રૂપિયા 4 લાખ સુધીની સહાય, 30થી 45 ચોરસ મીટરનો આવાસ વિસ્તાર, આશરે 750 મીમીની પ્લિન્થ હાઇટ, પાકી આર.સી.સી. છત તથા બાથરૂમ-ટોઇલેટ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ઊંચી પ્લિન્થ અને આર.સી.સી. છતને કારણે ભારે વરસાદ, પાણી ભરાવા અને વાવાઝોડા જેવી કુદરતી પરિસ્થિતિઓમાં મકાનને વધુ સુરક્ષા મળી શકે છે. ઉપરાંત, મજબૂત બાંધકામને કારણે મકાનનું આયુષ્ય પણ વધે છે અને વારંવારના સમારકામનો ખર્ચ ઘટાડી શકાય છે.

### યુનિફોર્મ આસિસ્ટન્સની વ્યવસ્થા ઊભી થઈ શકે

કારોબારી અધ્યક્ષ બ્રિજેશ પટેલના જણાવ્યા મુજબ આ જવાબદારી જિલ્લા પંચાયત, સુરતને સોંપવામાં આવે તો લાભાર્થીની પસંદગી, સહાયની ફાળવણી, બાંધકામની ગુણવત્તાની દેખરેખ અને યોજનાના અમલીકરણમાં વધુ સંકલન આવી શકે છે. તમામ ગ્રામીણ આવાસ માટે સમાન ધોરણે સહાય નક્કી કરવામાં આવે તો સમગ્ર જિલ્લામાં યુનિફોર્મ આસિસ્ટન્સની વ્યવસ્થા ઊભી થઈ શકે છે. આ ઉપરાંત મજબૂત બાંધકામ માટેના ધોરણો નક્કી કરી તેનો અમલ કરાવવામાં આવે તો માત્ર મકાનની સંખ્યા વધારવાને બદલે તેની ગુણવત્તા અને ટકાઉપણું પણ સુનિશ્ચિત કરી શકાય.

---

## અનુસંધાન... પાના છેલ્લાનું

### મોદીએ નવસારીમાં...

મોદીએ ભવ્ય ઈમારત કરતાં તેની પાછળની જનસેવાની ભાવનાને વધુ મહત્વ આપ્યું હતું.


મોદીએ કાર્યકરોને સંબોધતાં સત્તાને અંતિમ લક્ષ્ય નહીં, પરંતુ જનસેવાનું સાધન ગણાવ્યું હતું. ભાજપને જનતાએ મોટો જનમત આપ્યો હોવા છતાં કાર્યકરો સત્તાના નશામાં ન આવી સેવાભાવ જાળવી રાખે તેવો સંદેશ તેમણે આપ્યો હતો. 'નમો કમલમ્' માત્ર પક્ષની બેઠક કે સંગઠનાત્મક પ્રવૃત્તિઓનું સ્થળ ન બની રહે, પરંતુ ગરીબ, પીડિત અને છેવાડાના નાગરિક માટે આશા અને વિશ્વાસનું કેન્દ્ર બને તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

નવસારી જિલ્લામાં હાથ ધરાયેલા 'સ્વચ્છતા સે સ્વાગત' અભિયાનની પ્રશંસા કરતાં મોદીએ ગામડાં સુધી પહોંચેલી માઇક્રો ક્લીનિંગ કામગીરીને બિરદાવી હતી. સ્વચ્છતા અભિયાનને દૈનિક જીવનની આદત બનાવવાની અપીલ સાથે 'ગમે તે થાય, હું ગંદકી નહીં કરું' એવો સંકલ્પ લેવા તેમણે નાગરિકોને આહ્વાન કર્યું હતું.

કુપોષણમુક્તિ, ટીબી મુક્તિ, સુકન્યા સમૃદ્ધિ અને પીએમ સ્વનિધિ જેવી યોજનાઓમાં નવસારીમાં થયેલા પ્રયાસોની પણ વડાપ્રધાને સરાહના કરી હતી. સાથે જ AI અને ડિજિટલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સરકારી યોજનાઓનો લાભ છેવાડાના લાભાર્થી સુધી વધુ અસરકારક રીતે પહોંચાડવા કાર્યકરોને પ્રેરણા આપી હતી.

ગુજરાતના પાયાના કાર્યકરોની મહેનતનો ઉલ્લેખ કરતાં મોદીએ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સંગઠનશક્તિ અને પરિશ્રમ વધારવાની હાકલ કરી હતી. આમ, 'નમો કમલમ્'નું લોકાર્પણ માત્ર નવા કાર્યાલયના ઉદ્ઘાટન સુધી સીમિત ન રહ્યું, પરંતુ સત્તાના કેન્દ્રને જનસેવાના કેન્દ્રમાં રૂપાંતરિત કરવાનો સંદેશ કાર્યક્રમમાં સ્પષ્ટ રીતે ગુંજ્યો હતો.

### મોદીએ આર.સી. પટેલના ખભે હાથ મૂકી કર્યો સંવાદ



નવસારી: નવસારીમાં ભાજપના અત્યાધુનિક જિલ્લા કાર્યાલય 'નમો કમલમ્'ના લોકાર્પણ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જલાલપોરના ધારાસભ્ય આરસી પટેલ વચ્ચેનો સહજ સંવાદ ચર્ચામાં રહ્યો હતો. કાર્યક્રમ દરમિયાન મંચ પર બંને વચ્ચે થયેલી મુલાકાતની કેટલીક તસવીરોમાં વડાપ્રધાન મોદી આરસી પટેલના ખભા પર હાથ મૂકીને વાતચીત કરતા સ્પષ્ટપણે નજરે પડે છે. પ્રસ્તુત તસવીરોમાં મોદી અને આરસી પટેલ સામસામે ઊભા રહીને હળવા અંદાજમાં સંવાદ કરતા જોવા મળે છે. એક તસવીરમાં વડાપ્રધાન મોદીએ આરસી પટેલના ખભા પર હાથ મૂક્યો છે, જ્યારે બીજી તસવીરમાં પણ બંને વચ્ચે વાતચીત આગળ વધતી જોવા મળે છે. બંનેના ચહેરા પરનું સ્મિત અને સહજ હાવભાવને કારણે આ મુલાકાત ઔપચારિક મુલાકાત કરતાં વધુ અનૌપચારિક અને આત્મીય ક્ષણ જેવી જણાય છે. મંચ પર ભાજપના અન્ય આગેવાનોની હાજરી વચ્ચે બનેલી આ ક્ષણ કેમેરામાં કેદ થતાં તસવીરોએ ખાસ ધ્યાન ખેંચ્યું છે. જોકે, બંને વચ્ચે કયા ચોક્કસ મુદ્દે ચર્ચા થઈ હતી તે તસવીરો પરથી સ્પષ્ટ થતું નથી. તેથી વાતચીતના વિષય અંગે કોઈ ચોક્કસ તારણ કાઢી શકાય નહીં. 'નમો કમલમ્'ના લોકાર્પણ જેવા મહત્વપૂર્ણ કાર્યક્રમ વચ્ચે વડાપ્રધાન અને સ્થાનિક ધારાસભ્ય વચ્ચેની આ સહજ મુલાકાતે કાર્યક્રમની યાદગાર તસવીરોમાં પોતાનું સ્થાન બનાવ્યું છે.

### માવાની...

આવતી હોવાનો ઉલ્લેખ કરી તેમણે વ્યસનમુક્તિનો સંદેશ આપ્યો હતો.ખાસ વાત એ રહી કે સ્વચ્છતા અભિયાનની વાત વચ્ચે માવાની પિચકારીનો ઉલ્લેખ કરીને મોદીએ સ્વચ્છતાનો મુદ્દો પણ સહજ રીતે લોકો સમક્ષ મૂક્યો. દેશભક્તિના નારા સાથે જાહેર સ્થળે ગંદકી ન થાય અને સ્વચ્છતા જળવાય તેવો સંદેશ તેમની હળવી ટકોરમાં છુપાયેલો હતો. નવસારીમાં 'નમો કમલમ'ના લોકાર્પણના રાજકીય માહોલ વચ્ચે મોદીની આ 'માવા ટકોર' કાર્યક્રમનું એક અલગ આકર્ષણ બની રહી હતી. ગંભીર સંદેશને હાસ્ય અને સ્થાનિક સંદર્ભ સાથે રજૂ કરવાની તેમની શૈલીને કારણે આ ટિપ્પણી ખાસ ચર્ચામાં રહી હતી.

### 'હું Gen-Z...

વાતચીત દરમિયાન બાળકીનો નિર્ભય જવાબ સાંભળીને ઉપસ્થિત લોકોનું ધ્યાન તેની તરફ ખેંચાયું. "હું Gen-Z નથી દુર્ગા છું!" બાળકીના આ શબ્દોમાં બાળસહજ નિખાલસતા સાથે આત્મવિશ્વાસ અને કંઈક અલગ કરવાની હિંમત પણ જોવા મળી હતી.

બાળકીનો જવાબ સાંભળીને વડાપ્રધાને હળવા અંદાજમાં પ્રતિક્રિયા આપી અને તેના આત્મવિશ્વાસને પ્રોત્સાહન આપ્યું હતુ. દેશપ્રેમ અને દેશની રક્ષા કરવાની ભાવના સાથે જોડાયેલા સંદર્ભે થયેલી આ વાતચીતે કાર્યક્રમની ગંભીરતા વચ્ચે એક ભાવનાત્મક અને યાદગાર ક્ષણ સર્જી હતી. ખાસ કરીને યુવાનો અને Gen-Z સાથે સંવાદને મહત્વ આપતી વડાપ્રધાનની ગુજરાત મુલાકાત દરમિયાન નવસારીમાં બાળકી દ્વારા પોતાને "દુર્ગા" તરીકે રજૂ કરાયેલો જવાબ વધુ ચર્ચામાં આવ્યો. તેની નિર્ભય અભિવ્યક્તિએ હાજર લોકોમાં પણ ઉત્સુકતા જગાવી હતી. આ ટૂંકો સંવાદ કદાચ થોડી ક્ષણોનો હતો, પરંતુ બાળકીના શબ્દોમાં રહેલો આત્મવિશ્વાસ ઘણું કહી ગયો હતો. ઓળખ માત્ર ઉંમરથી નહીં, પરંતુ હિંમત અને વિચારોથી પણ બને છે. વડાપ્રધાન સાથેની આ મુલાકાત બાળકી માટે યાદગાર બની, તો કાર્યક્રમમાં હાજર લોકો માટે પણ તે એક હૃદયસ્પર્શી ક્ષણ બની રહી.

### મોદીના સ્વચ્છતા...

આવ્યું હતું. આ અભિયાનમાં મેયર અશોકભાઈ ધોરાજીયા, ડેપ્યુટી મેયર કેયુરીબેન દેસાઈ, સ્થાયી સમિતિના ચેરમેન મુકેશ અગ્રવાલ, શાસક પક્ષના નેતા નરેશ પુરોહિત, દંડક રાકેશભાઈ પટેલ અને કૃતિકાબેન પાટીલ જોડાયા હતા. તેમની સાથે પૂર્વ પ્રદેશ મંત્રી શીતલબેન સોની, શહેર મહિલા મોરચાના તન્વીબેન પંચાલ, કલ્પનાબેન રાણા, સોનાલીબેન રસાળ અને હેમલત્તાબેન ચૌહાણ સહિતના આગેવાનો પણ સફાઈ કામગીરીમાં જોડાયા હતા. મોટા જાહેર કાર્યક્રમ બાદ સફાઈની જવાબદારી માત્ર કર્મચારીઓ પર ન છોડીને આગેવાનો પોતે કચરો ઉપાડતા જોવા મળ્યા હતા. આ પહેલ દ્વારા 'કહેવું નહીં, કરીને બતાવવું' સાથે સ્વચ્છતા દરેક નાગરિકની સામૂહિક જવાબદારી હોવાનો સંદેશ અપાયો હતો. કાર્યક્રમ પૂરો થયો, પરંતુ સ્વચ્છતાનો સંદેશ સ્થળ પર જ જીવંત બની રહ્યો હતો.

### મરોલી જંક્શન...

મીંઢોળા મેજર બ્રિજનું બાંધકામ કરવામાં આવશે. સુરત અને નવસારી જિલ્લામાં મળીને કુલ 8 માઈનોર બ્રિજ પણ બનાવવામાં આવશે. આમ, પ્રોજેક્ટમાં માત્ર રોડ પહોળો કરવાની કામગીરી જ નહીં પરંતુ સમગ્ર માર્ગને જરૂરી માળખાકીય સુવિધાઓથી સજ્જ કરવાનો સમાવેશ થાય છે.

### મુસાફરીના...

મુસાફરીના સમયમાં અંદાજે 20થી 30 મિનિટ સુધીની બચત થવાની અપેક્ષા છે. માર્ગની ક્ષમતા વધવાથી વાહનોની અવરજવર વધુ સતત રહેતાં ઈંધણના વપરાશમાં પણ ઘટાડો થવાની સંભાવના છે.

### ટોઈંગ કર્મીઓ...

ચાલી રહેલી ચર્ચા મુજબ, દોરડાથી બાંધવામાં આવેલો વ્યક્તિ નશાની હાલતમાં હોવાનું કહેવાઈ રહ્યું છે. તેણે દમણમાં વાહનો ટોઈંગ કરવાની કામગીરી સાથે સંકળાયેલા વાહનને નુકસાન પહોંચાડ્યું હોવાની તેમજ સમજાવટ છતાં ત્યાંથી નહીં હટી કામગીરીમાં અડચણ ઊભી કરી હોવાની ચર્ચા છે. આ પરિસ્થિતિમાં ટોઈંગ કામગીરી સાથે સંકળાયેલા લોકોએ તેને દોરડાથી બાંધી કચીગામ પોલીસને સોંપ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. વાયરલ વીડિયોમાં વ્યક્તિને દોરડાથી બાંધેલી હાલતમાં લઈ જવાતો જોઈ સાંસદ ઉમેશ પટેલે આકરો રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે વીડિયો દમણના પોલીસ અધિક્ષક કેતન બંસલને મોકલી ઘટનાની તાત્કાલિક તપાસ કરવા જણાવ્યું હતું. સાંસદે જણાવ્યું હતું કે કોઈ વ્યક્તિએ ગુનો કર્યો હોય તો પણ તેની સામે કાર્યવાહી કરવાનો અધિકાર પોલીસ અને કાયદાને છે. કોઈ વ્યક્તિ કે જૂથને કાયદો હાથમાં લેવાની છૂટ આપી શકાય નહીં. બીજી તરફ, સોશિયલ મીડિયામાં સામે આવી રહેલી ચર્ચા બાદ સમગ્ર ઘટનાનું બીજું પાસું પણ સામે આવ્યું છે. જો સંબંધિત વ્યક્તિએ ખરેખર ટોઈંગ વાહનને નુકસાન પહોંચાડ્યું હોય અથવા સરકારી કે અધિકૃત કામગીરીમાં અડચણ ઊભી કરી હોય તો તેની સામે પણ કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. સાથે જ તેને દોરડાથી બાંધી લઈ જવાની કાર્યવાહી કયા સંજોગોમાં અને શા માટે કરવામાં આવી તે બાબતની પણ નિષ્પક્ષ તપાસ જરૂરી બની છે. હાલ વાયરલ વીડિયોના આધારે મામલાએ ભારે ચર્ચા જગાવી છે. ઘટનાની સંપૂર્ણ હકીકત, સંબંધિત વ્યક્તિની સ્થિતિ, ટોઈંગ વાહનને થયેલા કથિત નુકસાન તથા તેને દોરડાથી બાંધવા પાછળના સંજોગો અંગે પોલીસ તપાસ અને સત્તાવાર વિગતો સામે આવ્યા બાદ જ સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ શકશે.

### મામલાની તપાસ બાદ દોષિતો સમયે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે

સમગ્ર મામલે દમણ પોલીસ વિભાગના એસ.પી. કેતન બંસલ સાથે થયેલી વાતચીતમાં તેમણે જણાવ્યું કે, આ મામલે કચીગામ પોલીસ ને તપાસ સોંપી દેવામાં આવી છે. તપાસ બાદ જે કોઈ પણ દોષિત હશે તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

### સુરતથી નવસારી...

માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.945.82 કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આગામી દશેરાના પાવન પર્વે પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરી કામ શરૂ કરી શકાય છે.

સુરત માર્ગ અને મકાન વિભાગ અને નવસારી દ્વારા હાથ ધરાનારા આ પ્રોજેક્ટ માટે ચોર્યાસીના ધારાસભ્ય સંદિપ દેસાઈએ કરેલા પ્રયાસો સફળ થયા છે. આ માટે સ્થાનિકથી લઈને પાટનગર સ્તરે ધારદાર રજૂઆતો કરી હતી. આ રજૂઆતના પગલે સુરત-સચિન-નવસારી રોડને આધુનિક અને વધુ ક્ષમતાવાળો બનાવવામાં આવશે. કુલ પ્રોજેક્ટમાં રોડ તેમજ એલિવેટેડ કોરિડોરના બાંધકામ પાછળ રૂ.638.57 કરોડનો ખર્ચ થવાનો છે. હાઈસ્પીડ કોરિડોર અંતર્ગત સચિનથી નવસારીને જોડતા 14.3 કિ.મી. લાંબા માર્ગને હાલના 4 લેનમાંથી 6 લેનમાં અપગ્રેડ કરવામાં આવશે. વધતા વાહનવ્યવહારને ધ્યાનમાં રાખીને માર્ગની ક્ષમતા વધારવાથી સુરત-નવસારી વચ્ચેની અવરજવર વધુ ઝડપી અને સુગમ બનશે. આ ઉપરાંત સુડા બાયપાસ રોડ પર 1.9 કિ.મી. લાંબો એલિવેટેડ કોરિડોર બનાવવામાં આવશે. એલિવેટેડ કોરિડોરને કારણે સ્થાનિક અને લાંબા અંતરના વાહનોના ટ્રાફિકને અલગ માર્ગ મળતાં જંક્શન પર ટ્રાફિકનું દબાણ ઘટાડવામાં મદદ મળશે.

### સુરતથી નવસારી વચ્ચે ટ્રાફિક જામમાં મોટી રાહતની અપેક્ષા

સુરત અને નવસારી વચ્ચે દરરોજ મોટી સંખ્યામાં ખાનગી વાહનો, એસટી બસો, ટ્રકો અને અન્ય કોમર્શિયલ વાહનો અવરજવર કરે છે. ઔદ્યોગિક વિસ્તારોના વિકાસ સાથે આ માર્ગ પર ટ્રાફિકનું પ્રમાણ પણ સતત વધ્યું છે. 6 લેન માર્ગ અને એલિવેટેડ કોરિડોરના કારણે વાહનોની અવરજવર માટે વધુ જગ્યા ઉપલબ્ધ થશે. પરિણામે ટ્રાફિક જામમાં નોંધપાત્ર ઘટાડો થવાની અને મુસાફરી વધુ ઝડપી બનવાની અપેક્ષા છે. ખાસ કરીને પીક અવર્સ દરમિયાન વારંવાર સર્જાતા ટ્રાફિકને નિયંત્રિત કરવામાં આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ બની શકે છે.